## પ્રકરણ : ૧૩

## ગાંધીયુગ : મેઘાણી અને અન્ય કવિઓ.

### ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાની ભૂમિકા

દક્ષિણ આફ્રિકામાંથી ૧૯૧૫માં ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે ગોખલેના એક અનુયાયીના જેવું જ મવાળમાનસ ધરાવતા હતા. બ્રિટિશરોની શુભનિષ્ઠામાં એમને એ દિવસોમાં વિશ્વાસ હતો. પરંતુ ભારતમાંની અંગ્રેજ સરકાર સાથે જેમ જેમ પ્રસંગો પડતા ગયા તેમ તેમ એમનો અંગ્રેજો ઉપરનો જૂનો વિશ્વાસ ડગતો ગયો. એ વિશ્વાસને ડગાવનારી મુખ્ય બે ઘટનાઓ તે પ્રથમ વિશ્વયુધ્ધના અંત પછી પસાર કરવામાં આવેલો રોલેટ એક્ટ :કાળો કાયદો: તથા એ કાયદાનો પ્રતીકાર કરવા માટે એકઠી થયેલી નિ:શસ્ત્ર પ્રજાની જલિયાંવાલા બાગમાં થયેલી કતલ. સાચું જ કહેવાયું છે કે જલિયાંવાલા બાગની ભસ્મમાંથી ભારતમાં સત્યાગ્રહની જ્વાલા પ્રગટ થઇ.[૧] પ્રજાને પણ મોડરેટો :ચન્દ્રવદનનો એ માટેનો જરા કઠોર શબ્દ વાપરીએ તો અધવચિયાઓ:ના શબ્દશૂરા રાજકારણમાં રસ રહયો નહોતો. ગાંધીજીના નેતૃત્વ નીચે આચારશૂરું રાજકારણ ખેલવા માટે એ તત્પર બની હતી.

૧૯૨૦માં લોકમાન્ય ટિળકનું અવસાન થયું. એ સાથે રાજકારણના જહાલપક્ષના એક મહાન કર્ણધારની વિદાય થઇ. પરંતુ એમના જહાલ રાજકારણનું તેજ વિલુપ્ત થવા સર્જાયું નહોતું. રાજકીય ક્ષેત્રે ગોખલેના શિષ્ય ગણાયેલા ગાંધીજીમાં તથા ગાંધીજીને પીઠબળ આપી રહેલા રાષ્ટ્રમાં ટિળકની અને એમના પક્ષની જહાલ દ્રષ્ટિનું તેજ ઊતરેલું હતું. શ્રી. મગનભાઇ દેસાઇએ યથાર્થ જ સૂચવ્યું છે કે જહાલ અને મવાલ બન્ને દ્રષ્ટિઓને એકીકૃત કરીને સમન્વિત કાર્યપધ્ધતિ તથા સમન્વિત શક્તિ યોજવાની ગાંધીજીની પ્રતિભાનાં દર્શન દેશને મળ્યાં હતાં."[૨]

૧૮૮૫થી ૧૯૨૦ સુધીના ગાળામાં મવાળ તથા જહાલપક્ષના મહાન ધુરીણોએ દેશને જાગૃત બનાવ્યો હતો. એ પહેલાંનું રાજારામમોહનરાય ઇ.એ નવજાગૃતિકાળમાં કરેલું પાયાનું મૂલ્યવાન કાર્ય તો ખરું જ. એ સર્વનો લાભ ગાંધીજીને પાછળથી મલ્યો છે. ૧૯૨૦ સુધીમાં ભારતની વિકસેલી તથા સ્થિર થવા મથતી રાષ્ટ્રીયતાની ભૂમિકા ઉપર ગાંધીજીએ પોતાના વિલક્ષણ કાર્યનો આરંભ કર્યો હતો. પ્રસ્તુત રાષ્ટ્રીયતાને, પ્રજાના એકલ-દોકલ નહિ પરંતુ તમામ તફાઓનો સાથસહકાર લઇને, સ્વરાજ્યની વિશાળ ભૂમિકા ઉપર કાર્યાન્વિત કરવાનું શ્રેય ગાંધીજીને ઘટે છે. ગાંધીજીનો નામોલ્લેખ આ ચર્ચામાં વારંવાર કરાયો છે ત્યારે સ્પષ્ટ કરવું જોઇએ કે ભારતના ૧૯૨૦થી ૧૯૪૭ સુધીના ઇતિહાસને ઘડવામાં એમનો ઘણો મોટો ફાળો હતો એ સાચું, પરંતુ એય યાદ રહેવું જોઇએ કે ગાંધીજીનો ફાળો આખરે તો એ સમગ્ર ઇતિહાસકાર્યનો "ભલે મોટો..છતાં એક અંશ" જ હતો.[3]

ગાંધીજીના નેતૃત્વ નીચે આઝાદી માટે નાની મોટી અનેક લડતો લડાયેલી છે. એમાંની કેટલીકનો ઉદાહરણરૂપે ઉલ્લેખ કરીએ તો: રોલેટ એકટ સામેની લડત, ચંપારણ, ખેડા, બારડોલી, ઇ.ના સત્યાગ્રહો, સાઇમન કમિશનનો બહિષ્કાર, અસહકારની ૧૯૨૦ની દેશવ્યાપી પ્રથમ લડત, પૂર્ણ સ્વાતંત્ર્યનો ઉદ્ઘોષ ગજાવતી ૧૯૩૦ની દાંડીકૂચ તથા આખરી ફેંસલા માટે-ની ૧૯૪૨ ની લડત. આ બધી લડતોને નિમિત્ત બનાવીને ગાંધીજીએ દેશને સાહસિકતા, મર્દાનગી તથા આત્મશ્રધ્ધાના પાઠો ભણાવ્યા. જે બ્રિટિશ સામ્રાજ્ય ઉપર સૂરજ કદી આથમતો નહોતો તે સામ્રાજ્યની સત્તાને પણ પડકારી શકાય તથા પ્રજાની લડાયક શક્તિનો પરિચય આપીને એના ઉપર પ્રજાકીય આકાંક્ષાઓનો પ્રભાવ પાડી શકાય એવો આત્મવિશ્વાસ બઢાવતો નવો જ સુખદ અનુભવ દેશને ગાંધીજીએ કરાવ્યો. ગાંધીજીએ અભયને માર્ગે દેશને રમતો મૂકી દીધો. એમાય ગુજરાતમાં તો અભૂતપૂર્વ કહી શકાય એવો ચેતનપ્રસ્પંદ ગાંધીજીની લડતોએ પ્રગટાવ્યો. એ લડતમાં ગાંધીજીએ સાધનસાધ્ય-શુધ્ધિનું એક નવું તત્ત્વ ઉમેર્યું.

રાજકીય લડતોને પરિણામે ૧૯૨૦ પછી થયેલાં પરિવર્તનો પ્રથમ

દૃષ્ટિએ રાજકીય પરિવર્તનો લાગે. પરંતુ એ તત્ત્વત: સાંસ્કૃતિક સ્વરૂપનાં તથા પ્રજાજીવનનાં સકલ અંગાંગોમાં નવજીવન લાવનારાં પરિવર્તનો નીવડયાં છે, તે ખ્યાલમાં રહેવું જોઇએ. ગાંધીયુગના ગુજરાતની સાહિત્યસૃષ્ટિમાં પરિવર્તનો થયાં છે તે આ કારણે જ. ભારતના જનજીવનમાં આવેલાં વ્યાપક પરિવર્તનો વિશે સુન્દરમે નોંધ્યું છે: "જીવનમાં એક રીતની સર્વવ્યાપી જાગરૂકતા આવી. સ્વતંત્રતા, નવનિર્માણ, પ્રકાશ, જ્ઞાન, સમતા, સર્વભૂત-હિત, બંધુત્વ, માનવપ્રેમ, જનકલ્યાણ, જનસેવા, ત્યાગ, બલિદાન, સમર્પણ," એ બધાંની એક ભાવનાત્મક સૃષ્ટિ અને તેને જીવન તેમ કવનમાં સિધ્ધ કરવાના પ્રયત્નો પ્રત્યક્ષ થવા લાગ્યા.[૪] ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠે ગુજરાતના વૈચારિક જીવનની ક્ષાટને સંકોરીને પ્રદીપ્ત કરી હતી.

ગાંધીજીએ રાજકીય લડત ચલાવવાની સાથે ખાદી, અસ્પૃશ્યતા-નિવારણ, રાષ્ટ્રીય કેળવણી તથા કરૂણ પરંતુ વિરાટ નિષ્ફળતાને વરેલી કોમી એકતા જેવી કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ પણ ચલાવી હતી. પ્રવર્તમાન પરિસ્થિતિરૂપી આ ભૂમિકામાંથી "વૃક્ષવિશેષ" જેવા ગાંધીયુગના સાહિત્યકારે રસ ખેંચેલો છે. ગાંધીયુગમાં રાષ્ટ્રવાદની ચિનગારી જ્વલંત આતશરૂપે પ્રકાશતી દેખાય છે. ગાંધીયુગના સાહિત્યકારનો રાષ્ટ્રપ્રેમ વધુ બુલંદ બન્યો, સાથે ઉદાર પણ થયો. એની વિસ્તરેલી દૃષ્ટિક્ષિતિજ રાષ્ટ્રની સીમાઓને વળોટવા માટે મથી રહી હતી. ગાંધીજીના વ્યકિતત્વમાં વસ્તુસ્થિતિ અને આદર્શ, બન્નેનો ઇષ્ટ પણ વિરલ સમન્વય થયો હતો. ગાંધીજીની જીવનદૃષ્ટિથી પ્રેરિત થયેલી આપણી રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં રાષ્ટ્રવાદની ઉપાસના કરતાં કરતાં આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ ખીલવવાના ઉપક્રમમાં ઉપરકથિત વ્યવહાર અને આદર્શનો સુમેળ સ્થપાતો જોવા મળે છે.

સાહિત્ય એ સર્જકનું વ્યકિતગત સર્જન ભલે રહયું, પણ એથી સામાજિક વ્યાપાર એ મટી શકતું નથી. ઉદાહરણ તરીકે, રાજકીય ક્ષેત્રે અંગ્રેજો સામે લડતા ગાંધીયુગના સમગ્ર સમાજમાં વાસ્તવદૃષ્ટિ વધુ ને વધુ કેળવાતી જતી હતી. એ પ્રભાવ નીચે ગાંધીયુગના કવિની દૃષ્ટિ સવિશેષ જીવનાભિમુખ બની

બની હોય તો આશ્ચર્ય નહિ. ગાંધીયુગનો કવિ સામાજિક અભિનિવેશ દાખવવામાં વધુ ને વધુ રાચતો જણાય છે. ગાંધીયુગના સાહિત્યમાં દલિતપ્રેમ, ગ્રામાભિમુખતા, પુરુષાર્થશીલતા, શોધકબુધ્ધિ, સ્વતંત્રતા માટેની ઝંખના, અહિંસા તથા સત્ય માટેની ભક્તિ, રાષ્ટ્રમાં તેમજ સમગ્ર વિશ્વમાં જીવાતા જીવનના પ્રત્યક્ષ પ્રભાવરૂપે પ્રગટ થયાં છે. અંબાલાલભાઈએ સાહિત્યને "લોકસમસ્તની વાણી" તરીકે ઓળખાવ્યું છે. રસલક્ષિતાનો આગ્રહ સેવતાં સેવતાં ગાંધીયુગની કવિતા લોકસમસ્તની વાણી બનવા મથી રહેલી દેખાય છે. જીવાતા જીવન સાથે તાલ મેળવતી ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં લોકોએ પણ પોતાના મનોભાવોનો પડઘો પડતો અનુભવ્યો છે. એક એક સ્વીકૃત વાત છે કે સ્વભાષામાં રચાયેલી કવિતામાં લોકોને પોતાના હૃદયોની તલસ્થ લાગણીઓની અભિવ્યક્તિ થયેલી પ્રતીત થતી હોય.[૫]

ગાંધીજી ઉપરાંત રશિયન ક્રાંતિએ પ્રેરેલી સમાજવાદી વિચારસરણીનો પ્રભાવ પણ ગાંધીયુગના કવિઓએ અનુભવ્યો છે. એ બન્ને પ્રેરકબળોની સમન્વિત અસર રૂપે ગુજરાતી કવિતામાં દીનજનવાત્સલ્ય, વાસ્તવપ્રિયતા, સત્ય-અહિંસાના તથા માનવ માનવ વચ્ચેની સમાનતાના સિધ્ધાંતોમાં શ્રધ્ધા આવિષ્કૃત થયેલાં છે. કવિવર રવીન્દ્રનાથે પ્રેરેલો માનવતાવાદ પણ ગાંધીયુગના કવિઓને જચ્યો છે. નવીન જીવનસ્પર્શથી ગુજરાતી કવિતામાં પ્રગટેલો શક્તિસ્પદ બ. ક. ઠાકોરે ઘડેલા કવિતાકાઠા મારફતે - ઠાકોરે રચેલા ભાવાભિવ્યક્તિના માધ્યમ દ્વારા પ્રગટ થયેલો છે. ગાંધીયુગના ભાવનાશીલ, "રાષ્ટ્રીય ચેતનાના મોજા" ઉપર ઊંચકાયેલા અને રાષ્ટ્રને મુકત કરવાના સંગ્રામમાં પ્રત્યક્ષરીતે સંકળાયેલા જુવાન કવિવર્ગ પાસેથી રાષ્ટ્રીય અસ્મિતાની પ્રાણ-શક્તિથી છલકાતી કવિતા ગુજરાતને મળી છે. એ કવિતાનું હવે અવલોકન કરીએ.

: ૨ :

<u>સ્નેહરશ્મિ</u>: ૧૯૨૦માં લોકમાન્ય ટિળકનું અવસાન થયું. ભારતના ઇતિહાસનો એક તબક્કો જાણે કે પૂરો થયો. ૧૯૨૦-'૨૧માં ગાંધીજીની ભારતપ્રસિધ્ધ અસહકારની લડતનો પ્રારંભ થયો. ૧૯૨૦ પછી ભારતમાં ગાંધી-

યુગની

શરૂઆત થઇ - કહો કે ભારતમાં યુગપલટો થયો. એ યુગપલટાનાં ગીતો ગાંધીયુગના શિષ્ટ કવિઓમાં સર્વપ્રથમ ગાનાર સ્નેહરશ્મિ હતા. સ્નેહરશ્મિનો પ્રથમ કાવ્યસંગ્રહ "અર્ધ્ય" ૧૯૩૫માં બહાર પડયો હતો. પરંતુ વાસ્તવમાં, એમની કાવ્યલેખનની પ્રવૃત્તિની શરૂઆત ૧૯૨૧માં થઇ ચૂકી હતી. ૧૯૨૧માં ૧૮વર્ષના કિશોર કવિએ ગાંધીજી વિશે "અવતાર" નામે કાવ્ય રચ્યું હતું. ગાંધી યુગની કવિતાનું એને આપણે પ્રથમ હૃદયગાન કહી શકીએ. ગુજરાતી કવિતાનો "નવઅવતાર" પણ હવે પછીના તબક્કામાં શરૂ થવાનો હતો.

ગાંધીજીની પ્રતિભાના પારસસ્પર્શે ભારતીયોનાં હૈયાંઓમાં જાગેલો રોમાંચ સ્નેહરશ્મિએ વર્ણવ્યો છે: "જયઘોડે બેસીને આવે નવઅવતાર! નવ-અવતાર!" કવિ કહે છે કે એ નવઅવતારે આરંભેલી અસહકારની લડત દેખીતી રીતે ઉચ્છેદક સ્વરૂપની લાગે, પણ એનો આખરી હેતુ મંગલતા અને સંવાદિતાનાં સર્જનનો છે.

સ્વશક્તિનિર્ભર બનીને સમૂહલડતો દ્વારા બ્રિટિશસરકારને પડકાર ફેંકવાનો કાળ સ્નેહરશ્મિને હવે આવી પહોંચેલો જણાય છે. મવાળ અને જહાલ પક્ષે પ્રેરેલી રાજકીય જાગૃતિએ તથા હોમરૂલની લડતે એ પડકાર ફેંકવા માટેની મજબૂત ભૂમિકા પણ બાંધી આપી હતી. ભારતની અસહકારની પ્રથમ લડત દ્વારા એ પડકાર ફેંકાયો પણ ખરો. સ્નેહરશ્મિએ એ વિશે ઠીક સંખ્યામાં કાવ્યો લખ્યાં છે. "બ્યૂગલ," "એકલહાથ", "સફર", "સ્વતંત્રતા" વ. "બ્યૂગલ" યુધ્ધોત્સાહનું ગીત છે. પ્રજાના પલટાતા જતા મિજાજનું ચિત્ર એમાં જોવા મળે છે.

"રે! રણભેરી ભીષણ ઘેરી શાની આ સંભળાય?
...જુઓ અરિ ગાજે હુંકાર કરી ને રણ-બ્યૂગલ ફૂંકાય!"

: "અર્ધ્ય", ૧૯૩૫, પૃ. ૪૩:

૧૯૨૦-૨૧ની લડત ચૌરી-ચૌરાના પ્રસંગ પછી ગાંધીજીએ બંધ કરી. શરૂઆતનો આશાવાદ, મહાન લડતોના ઇતિહાસમાં ઘણી વાર બને છે એમ, "વિષાદ-ભરી નિરાશા અને કર્તવ્યપરાङ્મુખતા"માં પરિણમવા લાગ્યો. ત્યારે કવિનાં "એકલ-હાથ", "સફર" ઇ. કાવ્યો કર્તવ્યાભિમુખતાનો સૂર કાઢે છે. પ્રભુને કવિ વિનવે છે:

"ભલે વજ્રાઘાતે કર પળ મહીં નાશ સહુનો,
પરંતુ દેને તું મરણપથનો શૌર્ય શુચિનો!" :"અર્ઘ્ય," ૪૨:

ગાંધીયુગમાં કોમલતાને સ્થાને કરાલતાની ઉપાસના કરવાનું વલણ દેખાતું હતું. ભારતદેશથી વિમુખ બનેલી "સ્વતંત્રતાને" કવિએ અંબિકારૂપે નહિ, મહાકાળીરૂપે આવવા એટલે તો આમંત્રે છે:

"હવે અયિ સ્વતંત્રતે! બની ભલે મહાકાળી તું–
... થીજ્યાં સરળ અંગને જગવ આજ આઘાતથી!
અને રુધિર ઉષ્ણમાં અમ પછી કરી સ્નાન તું,
પ્રકાશ કર પૂર્વમાં બની અમારી દેવી ઉષા!" :"અર્ઘ્ય", ૮૮:

જીવનના હરકોઇ ક્ષેત્રમાં આવી ગયેલી સ્થગિતતા પ્રત્યે ગાંધીયુગના કવિએ ભારે અકળામણનો ભાવ અનુભવ્યો છે. જીવનની સ્થિતિશીલતા, જડતા અને મંદતાને દૂર કરવા માટે ઘણના ઘા ફટકારવાનું એનું વલણ રહ્યું છે. જીવનને રૂંધતાં બળોનો સંહાર કરીને જીવનને વધુ મુકત અને વધુ વિશાળ કરવાની એની ઝંખના છે. એની પૃષ્ઠભૂમિકામાં સ્વાતંત્ર્યની લડતના પ્રભાવને જોઇ શકાય.

સ્નેહરશ્મિની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં અદમ્ય આશાવાદ રહેલો છે. જો કે, કવિના હૃદયમાં નિરાશા કયારેક સંચારીભાવ તરીકે પ્રવેશે છે ખરી. "વિજયાદશમી" કાવ્યમાં ભારતમાતાનું ગ્લાનિપ્રેરક વર્ણન એમણે કર્યું છે:

"માડીએ દીન ધર્યો છે વેશ, માડીના વીખરાએલા કેશ,
...માડી કેરા નિર્મળ મંદિર માંહ્ય, જુગોથી અંધારા ઉભરાય,
માડીનાં સિંહાસન અભડાય!" :"અર્ઘ્ય", ૧૦૪:

ભારતમાતાનું આવું વિષાદજનક ચિત્ર કવિએ આપ્યું છે ખરું, પરંતુ ગાંધીયુગના સ્નેહરશ્મિ સમેત બધા કવિઓના હૃદયનો સ્થાયીભાવ ઉત્સાહ તથા વિજય અંગેની શ્રધ્ધાનો છે. ભારતના ભૂતકાળ તથા વર્તમાનકાળ વચ્ચે રહેલું વૈષમ્ય એનામાં હતાશાનો ભાવ પ્રેરતું નથી. ગુલામીનાં બંધનોની પીડા એના આશાવાદને કુંઠિત કરી શકતી નથી. ઉલટાનું એમ કહી શકાય કે એ પીડા તથા મુશ્કેલીભર્યા સંજોગો જ કવિના આશાવાદને અને પૌરૂષને પ્રજ્વલિત કરી

જાય છે:

"...બંધન કેરી ભીષણતામાં સ્વાધીનતાના પ્રગટે પ્રાણ!
જ્યાં જ્યાં જંજીર કારાગાર, સ્વાધીનતાના ત્યાં ઝંકાર!"
:"અર્ઘ્ય,"૧૨૧:

બંધનની ભીષણતા જ સ્વાતંત્ર્ય માટેનું મુખ્યદ્વાર ખુલ્લું કરશે! – એવી કવિશ્રધ્ધા સ્વાતંત્ર્યસંગ્રામોના ઇતિહાસોને લક્ષમાં લેતાં સાચી પડેલી જણાય છે. સત્તાની જુલમજહાંગીરીનો કડપ જેમ વધતો જાય, તેમ પ્રજાની પ્રતીકારશકિત વધુ મજબૂત બનવાનો સંભવ. ઘોર નિરાશાનો અનુભવ કરાવે એવા સંજોગોને જ આશા, નવશકિત અને નવપ્રસ્થાનની સામગ્રીરૂપે પ્રયોજી દેવાની કવિવૃત્તિ પ્રજાની પ્રબળ પ્રાણશકિતની તથા સ્વાતંત્ર્ય માટેના એના દુર્દમ્ય નિર્ધારની સાખ પૂરે છે.

૧૯૨૦ની લડતની જેમ ૧૯૩૦ની આઝાદીની લડત વિશે પણ સ્નેહરશ્મિએ કાવ્યો રચ્યાં છે. "યજ્ઞ", "જ્વાલા", "દીવાદાંડી" જેવાં કાવ્યોમાં ગાંધી-યુગના કવિને સહજ એવી આશાવાદની અરૂણિમા પ્રગટ થયેલી છે. એમાં ગાંધીયુગના કવિને સહજ એવો વિશ્વભાવ પણ પ્રગટેલો છે:

"ગોત્ર, ગ્રામ, પ્રાન્ત, દેશ, જાતિની એ વાડો,
ખંડોના ભેદને ભૂલાવો,
...હો! વિશ્વમાં હોમાગ્નિ ભવ્ય પ્રગટાવો!":"અર્ઘ્ય, ૨૩:

ઉપર્યુકત પંકિતઓ વાંચતી વેળાએ, ગાંધીયુગ પૂર્વે જ વૈશ્વિક દ્રષ્ટિકોણ વ્યકત કરી ગયેલી ન્હાનાલાલની કવિતાનાં સ્મરણો મનમાં જાગે છે.

સ્નેહરશ્મિના બીજા કાવ્યસંગ્રહ "પનઘટ" :૧૯૪૮: માં સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ વિશેનાં કેટલાંક કાવ્યો છે. કવિને " આ તોતીંગ દેશની ભીષણ યાતનાઓની " પૂર્ણાહુતિથી આનંદ થાય છે. પરંતુ એ નિર્ભેળ આનંદ નથી:

"ઊગે છે જે સવાર
તેની એક આંખે રમે છે
અસ્ત થતી રાત્રિ તણી કાલિમા,
રમે છે બીજી આંખે ફૂટતા પ્રકાશની પૂર્ણિમા."
:"પનઘટ", પૃ. ૮૮:

દેશનો અંગવિચ્છેદ થવાને કારણે દસકરોડ દેશજનો :મુસલમાનો: મુક્તિ પ્રતિ વિમુખ થઇને કવિને બેઠેલા લાગે છે:

"આજ તો મુજ દેશે
મારાં દશ કોટિ ભાઇબહેન –
એક રકત એક સંસ્કાર વહે જેની નસે,
તે છે બેઠાં થઇ વિમુખ આ મુક્તિ પ્રતિ!" :"પનઘટ", ૮૯:

આમાં, હિંદુ-મુસ્લીમના "એકરકત" ની વાત બાજુ પર રાખીએ – કેમ કે રકતનાં મિશ્રણો કેટલીકવાર થયાં છે– પણ "એક સંસ્કાર" ની વાત એક મુગ્ધ ભાવનાવાદ લાગે છે.+ હિંદુ-મુસ્લીમ સંબંધોને એની ઐતિહાસિક આનુપૂર્વીમાં જો જોઇએ તો દેશના અંગવિચ્છેદનું કડવું લાગતું જે પરિણામ આવ્યું તે સ્વાભાવિક જણાશે. પરંતુ ગાંધીયુગના કવિઓએ મુગ્ધ લાગણીશીલતાપૂર્વક આ ઘટનાને નિહાળી છે. અહીં નોંધપાત્ર એ છે કે ગાંધીયુગના કવિઓએ એક બાજુથી સંનિષ્ઠાપૂર્વક હિંદુ-મુસ્લીમ એકતાનાં કાવ્યો રચ્યાં છે, તો બીજી બાજુથી એમણે રાષ્ટ્રીય ગૌરવની મૂર્તિઓ, સદીઓના ભારતીય સંસ્કારના વારસાને પરિણામે, મુસ્લીમોનો કટ્ટર સામનો કરનાર હિન્દુવીરોમાંથી મેળવેલી છે. એવા હિન્દુવીરોનાં પરાક્રમોમાંથી એમણે પ્રેરણા વા આશ્વાસન પ્રાપ્ત કરેલ છે. મુસલમાનોને "મારાં દશ કોટિ ભાઇ બહેન" સચ્ચાઇપૂર્વક કહેનાર સ્નેહરશ્મિના જ કાવ્યસર્જનમાંથી એનું એક ઉદાહરણ લઇએ. સ્નેહરશ્મિના "સ્વતંત્રતાને" નામક કાવ્યમાં મુસ્લીમોના ભારતવાસના સુફળ તરીકે તાજમહાલને ગણાવવામાં આવ્યો છે. પરંતુ ઇસ્લામના ભારત ઉપરના આક્રમણને તથા ભારતદેશમાં મુસ્લીમોએ સ્થિર થયા પછી હિન્દુરાજ્યો ઉપર કરેલાં આક્રમણોને "પ્રચંડ ઘન અંધકાર"ના આક્રમણ તરીકે સ્નેહરશ્મિએ ઓળખાવેલ છે:++ એ અંધકારમાં "સ્વતંત્રતા"ની જ્યોત ટકાવનાર કોણ હતા?

---

+ વળી, "દશ કોટિ ભાઇબહેન"ને સ્વાતંત્ર્યથી વિમુખ બનેલાં પણ કેમ કહેવાય? ભલે કવિને દેશના અંગવિચ્છેદની ઘટના નાપસંદ હોય, પરંતુ એથી પાકિસ્તાન-માં "દશ કોટિ ભાઇબહેન"ને મળેલા સ્વાતંત્ર્યની નક્કર ઘટના નામશેષ થયેલી કઇ રીતે ગણી શકાય?

++ ઠાકોરે આ પહેલાં "ખેતી" કાવ્યમાં ઇસ્લામના આક્રમણને "તિમિરદલ"ના આક્રમણ તરીકે ઓળખાવ્યું હતું.

"પરંતુ તહીંયે પ્રતાપ શિવ આદિ વીરે કંઇ,

ટકાવી તવ મંદિરે પુનિત જ્યોત એ તાહરી!" :"અર્ધ્ય", ૮૭:

તાત્પર્ય કે, હિંદુ-મુસ્લીમ "એક સંસ્કાર" હોત તો મુસ્લીમોના "દીન દીન" સામે "જયગુરુ" પોકારનાર અને યુધ્ધમાં મુસ્લીમોને ભારે પડી જનાર શીખો તથા શીખોના ગુરૂ ગોવિન્દનાં પરાક્રમોથી કવિ સ્નેહરશ્મિનું હૈયું ગૌરવથી હરખાયું ન હોત! (:જુઓ આ પ્રસંગ વિશેનું સ્નેહરશ્મિનું "ત્યાગખત" કાવ્ય, પૃ. ૨૫-૩૧, "અર્ધ્ય":) બ. ક. ઠાકોરે "માજીનું સ્તોત્ર"માં ભારતમાતાના પ્રકોપ ફૂંફાડા તરીકે ગુરૂ ગોવિંન્દને ઓળખાવેલા છે, તે અહીં યાદ આવશે.: [૬]

"અમ્મર તપો!" "સ્વાધીનોનું ગીત", તથા "રાષ્ટ્રધ્વજને" "પનઘટ"નાં રાષ્ટ્રભક્તિનાં કેટલાંક સારાં કાવ્યો છે. શહીદોના શોણિતથી પોષાયેલા "રાષ્ટ્રધ્વજ"ને કવિએ ભાવસભર વાણીમાં સંબોધન કર્યું છે:

"ફરક ફરક તું મુકત હવામાં ઝંડા, ઊડ તું ઊંચે વ્યોમ,

અમ મસ્તક પર રહે ફરકતો જ્યાં લગી નભમાં સૂરજસોમ!"

આ રીતે, ૧૯૨૦ થી આરંભાયેલી અસહકારની લડતથી શરૂ કરીને છેક સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધીની આપણી રાષ્ટ્રીય અસ્મિતાની ગતિપ્રવૃત્તિનો રસમય આલેખ સ્નેહરશ્મિની કવિતામાં જોવા મળે છે.

<u>દેશળજી પરમાર</u>: દેશળજી પરમારે એમના સુદીર્ઘ કવનકાળમાં જે કેટલીક અસરો ઝીલેલી છે તેમાં ન્હાનાલાલના કાવ્યસર્જનની પણ એક છે. દેશળજીની કવિતાએ ગાંધીજીના નેતૃત્વ નીચે ચાલેલાં જૂદાં જુદાં રાષ્ટ્રીય આંદોલોનોનો પ્રભાવ પણ ઝીલેલો છે. એ પ્રભાવને કવિ ઘણીવાર ન્હાનાલાલની રાસ-કવિતાની ઢબે અભિવ્યકત કરે છે. ઉદાહરણ તરીકે, ૧૯૪૨ની લડત વિશે એક અસરકારક ધ્રુવપંક્તિથી શરૂ થતું "રાષ્ટ્રવિરાટ" કાવ્ય:

"મારા રાષ્ટ્રનો વિરાટરાજ રમણે ચડયો રે,

...કેસરિયો લોકપ્રાણ રમણે ચડયો રે." :"ઉત્તરાયન", ૧૯૫૪, ૧૮૮:

૧૯૪૬ની બીજી સપ્ટેમ્બરે ભારતમાં સર્વપક્ષીય રાષ્ટ્રીય પ્રધાનમંડળ રચાયું હતું. ભારતના સ્વાતંત્ર્યયજ્ઞની પૂર્ણાહુતિ તથા "નવજીવનનું સિધ્ધિપર્વ" એમાં દેશળજીએ

નિહાળેલ. એ ઘટના વિશે દેશળજીએ ન્હાનાલાલની શૈલીએ લખેલું "સુણજો ઓ જગજનો! આજે ઊગે છે યુગયુગનો દિનમણિ" : પૃ. ૨૪૦:

બારડોલીની લડત, દાંડીકૂચ, ધરાસણા, ૧૯૪૨નો રાષ્ટ્રીયજંગ ઇ. સ્વાતંત્ર્યસંગ્રામોમાંથી પ્રેરણા લઇને દેશળજીએ જુદેજુદે સમયે તે વિશે કવિતાઓ રચેલી છે. રાષ્ટ્રસપૂત સરદાર પટેલની નેતાગીરી નીચે ખેલાયેલી બારડોલીની લડત વિશે કવિએ કહ્યું હતું:

"તું પ્રાન્તની ભીષણ ધર્મભૂમિ –
સત્શૂર જ્યાં રાષ્ટ્રસપૂત રાજે." : પૃ. ૭૨:

ધર્મક્ષેત્ર ધરાસણા વિશેનો કવિનો મનોભાવ આવો હતો:

"ઇશની ચક્ષુ શી ભવ્ય, પ્રલયે ચડદશેના,
નમનો મોકલું અબે,!ધર્મશક્તિ ધરાસના" : પૃ. ૧૨૫:

ધરાસણાદિને કવિને દિસે છે: "પૂર્વ થયો પ્રગટ પૂર્ણસ્વરાજ્યભાનુ". આઝાદી માટે લડાતી પ્રમાણમાં નાની લડત વ્દારા પણ રાષ્ટ્ર તો પૂર્ણસ્વરાજ્યના સાધ્યની નજદિક જઇ રહ્યું છે એવી કવિની પતીજ ધરાસણા વિશેના કાવ્યમાં પ્રગટ થયેલી છે. ગાંધીયુગ દરમિયાન લડાતા આઝાદીના યુધ્ધ દરમિયાન ગુજરાતના કવિને એટલી પ્રતીતિ તો થઇ ચૂકેલી જણાય છે કે પૂર્ણસ્વરાજ્ય આવવાનું જ છે. એ કયારે આવશે તે એમને મન માત્ર સમયનો જ સવાલ હતો.

ગાંધીજીના નેતૃત્વ નીચે ધર્મપંથે લડાતો આઝાદી માટેનો સંગ્રામ કવિને મન ધર્મસંગ્રામ હતો. દેશળજીનો પ્રિય શબ્દ "ધર્મ" છે. બારડોલી એ ધર્મભૂમિ, દાંડીકૂચ એ ધર્મપ્રયાણ, જ્યારે ધરાસણાની લડતમાં પ્રગટેલી શક્તિ એ ધર્મશક્તિ હતી. કવિની એક બીજી વિશેષતા ભારતની માતૃસ્વરૂપે વંદના-અર્ચના કરવામાં દેખાશે. જો કે, એને આપણે કવિની આગવી જ વિશેષતા નહિ કહી શકીએ. લોકકાવ્યની ઢબે દેશળજીએ ભારતમાતાનું ઓજસ્વી રૂપ આલેખ્યું છે:

"સતવાળી મા, ખમ્મા ખમ્મા,
માને રોમરોમ પ્રગટી ઝાળ રે,
સતવાળીને ખમ્મા ખમ્મા." : પૃ. ૧૨૨:

"અનાદ્યનંતા અપૂર્વરૂપા" ભારતમૈયાના સુપ્રાચીન સ્વરૂપનું કવિએ ધીરગંભીર વાણીમાં ચિત્રણ કર્યું છે:

"યુગોયુગોના ઉદયાસ્ત-રંગો
ઝીલી થયાં સુંદર લોચનો,
પ્રજા પ્રજાના ઉરના તરંગો
ધારી ભર્યાં અંતર ભવ્ય દર્શનો." :પૃ. ૨૩૯:

"જીવનવિશુધ્ધિ, સમર્પણભાવ, ચુચુત્સા, તેજસ્વિતા જેવા ગુણો"નું દેશળજીએ પરમારે એમની રાષ્ટ્રભક્તિની કવિતામાં આરતભર્યું ગાન કર્યું છે.[૭] એનું એક ઉત્તમ ઉદાહરણ "અમર ઇતિહાસે" કાવ્યમાંથી મળશે. અખૂટ ઉલટપૂર્વક રાષ્ટ્ર-ઘડતરનું લક્ષ્ય સિધ્ધ કરવાનો પ્રેરક આશાવાદ કવિએ યુવાનો સમક્ષ એમાં રજૂ કર્યો છે:

"ઊંડા અંતર્નાદે
ઊંચા આશાવાદે યુવકજન હો! રાષ્ટ્ર રચવું,
પુરાતા પાયાના ચણતરમહીં પથ્થર થવું:
અમર ઇતિહાસે ભળી જવું." [૮]

ગુજરાતી કાવ્યસાહિત્યમાં યોગ્ય રીતે જ સુપ્રસિધ્ધ બનેલી "અમર ઇતિહાસે"ની છેલ્લી પંક્તિઓમાં ગાંધીયુગના કવિઓને ખૂબ પ્રિય એવી બલિદાન તથા આત્મવિલોપનની ભાવના મૂર્તિમંત કરાયેલી છે.

<u>ચન્દ્રવદન અને શેષ</u>: માનવજાતિના પ્રાણ સમા સ્વાતંત્ર્યને સિધ્ધ કરવાનો સૂર ગાંધીયુગની કવિતામાં મુખર બની રહે છે. સ્વાતંત્ર્ય એ રાષ્ટ્ર સમક્ષનું અતુલ પુરૂષાર્થ અને ભારે બલિદાનો દ્વારા પ્રાપ્ત કરવાનું એક સુનિશ્ચિત ધ્યેય બની ચૂકયું હતું. ચન્દ્રવદન નવા યુગની ભાવનાથી સ્ફૂર્તિમંત બનીને કહે છે:

"સ્વતંત્રતા! સ્વતંત્રતા! રહો દિલે તું મૂર્તિમંત!
દેશકાજ કીર્તિ, મોત મેળવી બજાવી ફર્જ,
વીરપૂત જે ગયા, સ્મરું સદા, રહેલ કર્જ,
કરું અદા, કૃપા કરી બતાવ એ જ સ્ફૂર્તિપંથ!"
:"ઇલાકાવ્યો, રતન અને બીજાં બધાં" ૧૯૫૨, પૃ. ૧૭૯:

સ્વીનબર્નના કાવ્ય "ટૂ ધ મોડરેટ્સ" નો અનુવાદ કરતી વખતે મોડરેટો માટે ચન્દ્રવદને "અધવચિયાઓ" એવો શબ્દ પ્રયોજેલો છે. એ અધવચિયાઓનો જમાનો ભારતના રાજકારણમાં પૂરો થયો હતો. પરંતુ ભારતના રાજ-કારણમાં પોતાની રીતે સેવા બજાવનાર, જનજાગૃતિ આણવામાં અગ્રયાયી-ઓ બનનાર તથા ખુદ ઉદ્દામવાદીઓના ઉત્થાન માટે એક રીતે ભૂમિકા બાંધી આપનાર મોડરેટો માટે, એમની મર્યાદાઓ છતાં, "પરવશે પડેલ પદ ચાટનાર" એવા ચન્દ્રવદને પ્રયોજેલા શબ્દો સાથે સહમત નહિ થવાય. જો કે, એ જમાનો જ ઉદ્દામવાદીઓ અને મોડરેટો વચ્ચેના એવા તીવ્ર સંઘર્ષનો હતો કે ચન્દ્રવદનનું મોડરેટો વિશેનું વર્ણન વાંચતાં આશ્ચર્ય થતું નથી.

મધ્યકાલીન વીરત્વની કથાને આલેખતા "કલ્યાણ" કાવ્યમાં પટંતરે દેશભક્તિની અર્વાચીન ભાવના જ રહેલી છે:

"ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ,
એ દાઝ જાગી મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ,
એ દેશ સાટે મુજ સર્વશક્તિ." :પૃ. ૩૭:

ભૂમિવંદનાનો આપણો પહેલો ઉદ્ગાર અથર્વવેદના પૃથિવીસૂક્તમાં મળે છે. પૃથિવીસૂક્તનો અનુવાદ રા. વિ. પાઠકે "શેષનાં કાવ્યો" "૩જી આ. ૧૯૫૯: માં આપ્યો છે, તે દેશ તરફની કવિની લાગણી દર્શાવે છે. ભારતવાસીઓએ જ ભારતની એક કાળની ગૌરવવંતી સંસ્કૃતિ, નિન્દિત બને એવાં કર્તવ્યો કર્યાં તેનું કવિને દુ:ખ છે. રવિ સમા ઉદિત થયેલા રવીન્દ્રનાથે ભારતની સાંસ્કૃતિક પુનરૂત્થાનની પ્રક્રિયાને વેગવંત બનાવી એનો કવિને હર્ષ છે. પરંતુ આ દુ:ખઆનંદથી પર થઇને એક ફિલસૂફની તટસ્થતાથી ભારતના પારતંત્ર્યની ઘટનાને રા. વિ. પાઠક નિહાળતા હોય એવું લાગે છે. કેમ-કે, એમણે કહ્યું છે: "કરવી ફરિયાદ ના ઘટે, લીધી હાથેથી જ માગી જે દશા!" :પૃ. ૯૨:. આમછતાં, ~~"હૈમકિરીટ~~- "હૈમકિરીટધારિણી, ગંગા ગોદાથી પ્લાવિત" "આર્યોની પૂણ્યભૂમિ" નિત્યની દાસ થઇ રહેશે એવું તો કવિ માનતા જ નથી. ભારતના મહાન

ભાવિ વિશે એમને શ્રધ્ધા છે:

"જગે ન વિધ્ન એવું કો જેહ ચૈતન્યને રૂંધે!
નથી અધમતા એવી જ્યાં ન ઉધ્ધાર સંભવે." :પૃ. ૯૫:

કવિ શેષની નજર સમક્ષ માત્ર ભારતદેશ જ નથી, "કિંતુ બધા દેશ, બધી પ્રજાઓ" છે. માત્ર ભારતનું જ નહિ, સમસ્ત વિશ્વપ્રજાનું સમુજ્જ્વલ ભાવિ ગાંધીજીએ પ્રબોધેલા સત્ય અહિંસાના મંત્રોના સ્વીકારમાં છે તથા ભારતના જ નહિ, સમસ્ત માનવજાતિના "વ્યવહારો સત્યપૂત અહિંસાપૂત" થવાના યુગધર્મને અનુકૂળ બને, તો જ "નૃજાતિ" બચશે, એવું વાસ્તવિકતાયુક્ત મંતવ્ય કવિ ધરાવે છે. કવિનું મન ભારતની સ્વતંત્રતાની વાત કરતું કરતું આખરે માનવજાતિના યુગધર્મ વિશે ઇશારો કરીને ઠરે છે. "પ્રજાસ્મિતા પ્રજાસ્વાર્થ-નું રાક્ષસી રૂપ" ધારણ કરે એ વિશે સચિંત રહેવાની ગાંધીયુગના કવિની લાક્ષણિક મનોવૃત્તિ શેષમાં પણ દેખાય છે.

ગાંધીયુગની કવિતામાં સાહસોન્મુખતા, શૌર્ય, ઝિંદાદિલી, ઇ.ભાવો પ્રગટેલા છે. એ ભાવોને રાષ્ટ્રજીવનમાં આવેલી નવશક્તિના સ્ફુરણરૂપે જોઇ શકાય. આના ઉદાહરણરૂપે શેષના "પ્રભુ! જીવન દે" એ કાવ્યની કેટલીક પંક્તિઓ જોઇએ:

..."લડી પાર અને પડવાનું જ દે
હસી મૃત્યુમુખે ધસવાનું જ દે,
ધસી મૃત્યુમુખે હસવાનું જ દે,
જીવવા નહિ તો
મરવા કોઇ ભવ્ય પ્રસંગ તું દે!" :પૃ. ૮:

ઉપરની પંક્તિઓમાં દેખાતો યુયુત્સાભાવ રાષ્ટ્રજીવનના પુનરુત્થાનની નિશાનીરૂપ લાગે છે.

## ઝવેરચંદ મેઘાણી

ગાંધીયુગની કવિતામાં રાષ્ટ્રજાગૃતિના પ્રથમ ઉદ્ગારો કાઢનારા કવિઓમાંના એક શ્રી. મેઘાણી છે. ૧૯૧૮માં "દીવડો ઝાંખો બળે" એ ગીતના સર્જનથી કાવ્યપ્રવૃત્તિનો આરંભ એમણે કરી દીધો હતો. "સ્વપ્ન થકી સરજેલી"

:અનુવાદકાવ્ય: મેઘાણીનું પહેલું દેશપ્રીતિકાવ્ય છે. એ પછી તો "તરૂણોનું મનોરાજ્ય" તથા "ઝંખના" જેવાં સ્વતંત્ર કાવ્યો પણ મેઘાણી પાસેથી મળે છે. "કાળ જાગે" :૧૯૨૯: મેઘાણીનું સૌ પહેલું પીડિતગીત છે. ગુજરાતી કવિતામાં પીડિતગીતો લખવાનો પ્રારંભ કરનાર મેઘાણી તથા શ્રીધરાણી હતા.

"રાષ્ટ્રીય શાયર"નું બિરુદ પામેલા મેઘાણીની રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ કરતી કવિતાનો રંગ "હૃદયના સર્વ ભાવો જેમાં નિચોવાયા હોય" તેવો કસુંબી જણાય છે. મેઘાણીની કસુંબલ કવિતાનાં બે પાસાં છે. સ્વાતંત્ર્યઝંખના વ્યક્ત કરતાં ઉદ્દામ મનોવૃત્તિવાળાં કાવ્યોમાં એક પાસું તથા પીડિતો પ્રત્યેની ઉત્કટ સહાનુભૂતિ પ્રગટ કરતાં કાવ્યોમાં મેઘાણીની કવિતાનું બીજું પાસું દેખાય છે, તે નીચેના એક લાક્ષણિક ઉદાહરણ દ્વારા સમજાશે:

"મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ,
પીડિતની આંસુડાધારે – હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ." "યુગવંદના", ૧૯૫૮, પૃ. ૪–૫:

મેઘાણીની કવિતા કેટલીકવાર મૌલિક નહિ તેટલી ઇતરોત્થ જણાય છે. સ્મરણમાં જડાઇ ગયેલી એકાદ કાવ્યપંક્તિ કે એકાદ ભાવબિંદુ મેઘાણીને કાવ્યસર્જન કરવા તરફ પ્રેરે છે અને ઘણીવાર તો, "સમબડીઝ ડારલીંગ"ના અનુવાદ "કોઇનો લાડકવાયો"માં બન્યું છે એમ, મૂળ કૃતિ કરતાં મેઘાણીની કૃતિ કાવ્યગુણે ચડિયાતી લાગે છે. રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો-માં મેઘાણી અન્યભાષાઓની કવિતાઓમાંથી કેટલીકવાર પ્રેરણા લે છે, પરંતુ એવી પ્રેરણા દ્વારા રચાયેલી કવિતાઓ ઉપર મેઘાણીની કવિત્વ-શક્તિની આગવી મુદ્રા અંકિત થયેલી જોવા મળે છે. રાષ્ટ્રપ્રેમની તથા દલિતસમભાવની લાગણી એ સમયના વાતાવરણમાં વ્યાપ્ત તો હતી જ. એણે મેઘાણીએ સ્વકીય લાગણી બનાવી. સ્વકીય બનાવેલી એ લાગણીનું ઉદ્દીપન પરભાષાઓની કૃતિઓ ક્યારેક કરે છે એટલું જ. એ લાગણીનું પ્રગટીકરણ ભજનોના અને લોકગીતોના તળપદા ઢાળોમાં કરીને મેઘાણીએ

અભિવ્યક્તિની મૌલિકતા દાખવી છે.

મેઘાણીની તારસ્વરે પ્રગટતી રાષ્ટ્રપ્રીતિની કવિતામાં ધમક જોમજુસ્સો તથા વાચકને પ્રવાહમાં ઘસડી જાય એવો પ્રબળ ભાવાવેગ છે. મેઘાણીની કવિતાનો સૂર બુલંદ છે. એમની કવિતામાં ગાંધીવાદમાંની શ્રધ્ધા એક બાજુથી દેખાય છે, તો બીજી બાજુથી "...ઘોર વિપ્લવના ઢોલડા ધ્રૂક્યા" એવી સમાજવાદી ક્રાંતિની ઘોષણા પણ સંભળાય છે. ગાંધીયુગના લગભગ બધા જ મુખ્ય કવિઓમાં ગાંધીવાદ અને સમાજવાદ, ઉભયનો પ્રભાવ સમન્વિત સ્વરૂપમાં જોવા મળે છે.

યુધ્ધઘોષણા કરતો શૌર્યપ્રેરક સિંધુડો મેઘાણીની કવિતામાં સંભળાય છે. ગાંધીયુગના વિવિધ પ્રજાકીય મનોભાવો- આશાઉત્સાહ વેદના મથામણો પુણ્યપ્રકોપ રુદ્રત્વ ત્યાગ અને સરફરોશીની તમન્ના ગાંધીવંદના ક્રાંતિઝંખના "ઉકળાટઅકળામણ" યૌવનનો તનમનાટ- આ સર્વને મેઘાણીએ સુરેખરીતે વાચા આપી છે. મેઘાણીની કવિતામાં અનિરૂધ્ધ જોમનો ધસમસતો પ્રવાહ વહે છે. અમે રાષ્ટ્ર છીએ, એવી અસ્મિતાને મેઘાણીએ પોતાની કવિતા દ્દારા દૃઢમૂલ બનાવી છે. આવી રાષ્ટ્રીય અસ્મિતાને કારણે તો રાષ્ટ્રનું ઘડતર થતું હોય છે.

કવિને જો જનતાનું મુખ કહીએ તો મેઘાણીએ જનતાના હૃદયભાવોને વાચા આપવાનો ધર્મ જનતાનું મુખ બનીને બજાવ્યો છે એમ કહેવું જોઇએ. જનજીવનમાંથી મેઘાણીની કવિતા પ્રેરણા લે છે તો એ કવિતા જનજીવનને પ્રેરિત કરી મર્દાનગીનો તણખો પણ મૂકી જાય છે. આપણે જાણીએ છીએ કે ગાંધીજીએ સ્વાતંત્ર્યસંગ્રામને ખૂબ વ્યાપક સ્વરૂપ આપ્યું હતું. એ સંગ્રામ માત્ર શિક્ષિત સમુદાય પૂરતો વ્યાપક નહોતો રહયો. મેઘાણીની રાષ્ટ્ર-પ્રીતિની કવિતા પણ વિશાળ જનસમુદાયને અનુલક્ષે છે. જનસમુદાયના હૃદયનાં વહેણોને પારખવાનો ને પારખીને એને કવિતામાં પ્રગટાવવાનો મેઘાણીનો પ્રયાસ છે. નૂતન શક્તિના ભાને જાગેલો જનતારૂપી વિરાટ મેઘાણીની કવિતામાં વિષય તરીકે વારંવાર નિરૂપાય છે. એ વિરાટ ક્યાંથી પ્રગટેલો છે? -

"અમે ખેતરથી, વાડીએથી, જંગલ ને ઝાડીઓથી,

સાગરથી, ગિરિવરથી સુણી સાદ આવ્યાં." :પૃ. ૮૬:

"યુગવંદના" ની કવિતા વાંચતી વેળાએ મેઘાણી રમણલાલ દેસાઇની જેમ આપણા એક યુગમૂર્તિ સાહિત્યકાર લાગે છે. રમણલાલની જેમ મેઘાણી પણ મૂલ્યસર્જક સાહિત્યકાર નહિ, પણ મૂલ્યપ્રચારક સાહિત્યકાર જણાય છે. બન્નેએ તત્કાલીન વાતાવરણમાં ગુંજતાં મૂલ્યોને પોતાની સાહિત્યકૃતિઓમાં પ્રતિધ્વનિત કર્યાં છે.

મેઘાણીની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં ક્યારેક લાગણીનો અતિરેક જણાય છે. મેઘાણીમાં દેખાતા "સેન્ટીમેન્ટાલીઝમ"ને કારણે એમનાં દીનજનવાત્સલ્યનાં કાવ્યોમાં દૃષ્ટિની પક્ષિલતા પ્રવેશે છે. "વીર જતીન્દ્રને" કાવ્યના અંતભાગમાં, મેઘાણીએ જ નોંધ્યું છે એ પ્રમાણે, કટુતા, "કંઇક અંશે કિશિયારી" તથા "દાંતકચકચાટી" આવી ગયેલ છે. વીર જતીન્દ્રના આત્મસમર્પણને બિરદાવતાં કવિ કહે છે:-

"રજ રજ નોંધી રાખશું, હૈયાં બિચ હિસાબ,

...માગવા જવાબો એક દિન આવશું,

...અમારા રક્તના હોજ છલકાવશું. :"એકતારો", ૧૯૫૭, પૃ. ૫૯:

જ્યાં બુંદની જરૂર હોય ત્યાં હોજ છલકાવવાની, જ્યાં તણખાની જરૂર હોય ત્યાં ભડકો કરવાની અતિશયતા મેઘાણીની કવિતામાં ક્વચિત્ દેખાય છે, એ વાત સાચી, પરંતુ એ યાદ રહેવું જોઇએ કે જે કાળમાં આ કવિતાઓ લખાઇ એ પ્રચંડ સંક્ષોભનો હતો. લોકહૃદયમાં ભાવભરતી ચડેલી હતી. પુરુષાર્થના યજ્ઞકુંડો રચાયા હતા. "અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ" જાગી ચૂકયો હતો. જાગૃત લોકોમાંથી અંગ્રેજ સલ્તનતનો ડર ચાલ્યો ગયો હતો. વળી, જાગૃતિનું પ્રમાણ જેમ વધતું ગયું તેમ અંગ્રેજ રાજ્યઅમલની અન્યાયશીલતા લોકોને વધુ ને વધુ કઠવા લાગી હતી. ભારતીય પ્રજાને પોતાની તાકાતમાં શ્રધ્ધા બેઠી હતી. અંગ્રેજ સલ્તનતને નિર્ભિકતાપૂર્વક પડકાર ફેંકવાની વૃત્તિ લોકોમાં જાગી હતી. સ્વતંત્રતાની સુધાનું પાન કરવાની ઉત્કંઠા લોકહૈયે પ્રગટી હતી.

"તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી!
મૂરદાં મસાણેથી જાગતાં-એવી શબ્દમાં શી સુધા ભરી!"યુગવંદના"પૃ. ૧૩:

દેશપ્રીતિની કવિતામાં પરિસ્થિતિનું સહેજ અતિશયોક્ત ચિત્રણ થયેલું હોય તથા એમાં ભાવાવેશની ઉગ્રતા અનુભવાતી હોય તો આશ્ચર્ય પામવા જેવું ન કહેવાય. આવી પરિસ્થિતિમાં, સર્જક તરીકે રોમેન્ટિક પ્રકૃતિના મેઘાણીની કવિતામાં લાગણીના ઘેરા રંગો દેખાય તો તે નિવાર્ય મર્યાદા ગણાવી જોઇએ. મહત્ત્વની વાત એ છે કે મેઘાણીની દેશપ્રીતિની લાગણીમાં છલોછલ સચ્ચાઇ ભરેલી છે. રાષ્ટ્રપ્રીતિના આવિષ્કરણમાં- And above all, to thine own self be true- એ રાહને મેઘાણી અનુસરનારા હતા. વળી મહત્વની વાત એ છે કે પોતાની કવિતામાં આવી જતી પક્ષિલતા, ખીજવાટ, લાગણીની અતિશયતા જેવી મર્યાદાઓથી મેઘાણી સભાન હતા. દીનજન-વાત્સલ્ય તથા દેશપ્રીતિની કવિતાની કેટલીક મર્યાદાઓ મેઘાણીએ દર્શાવી છે, તે સમગ્ર ગાંધીયુગની એ પ્રકારની કવિતાના સંદર્ભમાં વિચારવા જેવી છે: "નરી ચીડ અને પુણ્યપ્રકોપ વચ્ચે, ગુસ્સા અને જુસ્સા વચ્ચે વિવેક કરવાનો કવિધર્મ ગંભીર છે...વાણી ખિજાઇને વ્યક્ત થાય છે, ને એ ખીજ પણ સ્વાનુભવનું સત્વ નથી હોતી- તે હકીકત આજની ઉછીની લીધેલી કવિ-ખીજને પણ વધુ કરૂણ કરી મૂકે છે. આપણે ઘણા એના ભોગ બન્યા છીએ. :આત્મનિરીક્ષણ, "એકતારો," પૃ. ૨૧: ગાંધીયુગમાં દલિતપ્રેમનાં કાવ્યો લખવાની એક "ફેશન" પડી ગઇ હતી. એ રીતે ગાંધીયુગનાં દેશપ્રીતિનાં કાવ્યો દેશ પ્રત્યેની નીતરી નિષ્ઠાથી કેટલાં લખાયાં અને કેટલાં જમાનાની માગને કારણે અથવા તો ફેશનવશ બનીને લખાયાં તે તપાસનો વિષય બની રહે એમ છે. સ્વદેશભક્તિનાં કાવ્યોના પ્રકીર્ણ સંગ્રહોમાં જોવા મળતાં ગંજાબંધ કાવ્યોમાંનાં ઘણાં તો જમાનાની માગને કારણે લખાયાં હોય એવું લાગે છે.

શ્રી. રા. વિ. પાઠકે "ડંફાસ"ને દેશપ્રીતિની કવિતાની એક મર્યાદા તરીકે ગણાવી છે, અને છતાં કેટલેક અંશે ડંફાસને દેશપ્રીતિનાં કાવ્યોમાં અનિવાર્ય પણ ગણી છે. એમનો મત આ પ્રમાણે છે: "જુવાન માણસ બહારની પરિસ્થિતિમાંથી ઉત્સાહ મેળવે અને ગાય ત્યારે કવિતાનું ભયસ્થાન એ છે કે તેમાં બળનો સાચો રણકાર હોવાને બદલે કોઇ વાર બળનું બહારનું પ્રદર્શન થઇ જાય.. તેમાં ડંફાસ આવી જવાનો સંભવ છે. તેનાથી ચેતતાં

રહેવું જોઇએ... અને છતાં કબૂલ કરું છું કે એ કેટલેક અંશે આવાં કાવ્યમાં અનિવાર્ય પણ છે." [૯] દેશપ્રીતિની કવિતામાં બળના સાચા રણકારને બદલે બળનું બહારનું પ્રદર્શન આવી જવાનો ઉપર્યુકત સંભવ સાચો છે. મેઘાણીની કવિતામાં બળનું એવું બહારનું પ્રદર્શન નથી. મેઘાણી જ્યારે વિપ્લવની વાત કરે છે ત્યારે એમાં ગુસ્સો નથી જણાતો, હૃદયનો સાચો જુસ્સો જણાય છે:

"આવો વિપ્લવ!આવો જ્વાલામુખી!
આવો રૂડા ભૂમિકમ્પ રે:
ભેદો જીર્ણતા-દારૂણ-થંભ." "ઝંખના","યુગવંદના", પૃ. ૫૦:

ઉપર્યુકત "ઝંખના" કાવ્યમાં ઊંચી કવિતાની "પ્રાણવત્તા અને કલાની ... સમતોલતા"નો સમન્વય થયો છે. [૧૦] એમાં કરાયેલું "વિરાટ યુગનર"નું વર્ણન ઉત્તમ કોટિનું થયું છે. દેશની વર્તમાન અવદશા વિશેનો કવિનો શોક "ઝંખના"માં રજૂ થયો છે. એ અવદશાને દૂર કરવા માટે, જોબનનાં નીર મહીં જામેલાં શેવાળ-ફૂગને ઉશેટવા માટે કવિ ક્રાન્તિને આમંત્રે છે. એ આમંત્રણમાં જ મેઘાણીના સ્વભાવમાં રહેલી એક ઉદ્દામવાદીની અધીરતા પ્રગટ થઇ જાય છે:

"ભીડ્યા દરવાજાની ભોગળ ભાંગીને તમે
પૂરપાટ ઘોડલે છૂટો! -
ઓતરાદા વાયરા, ઉઠો!" "યુગવંદના" પૃ. ૫૧:

"પૂરપાટ ઘોડલે છૂટો!" એ એક જ પંક્તિમાં પરિવર્તન અને પ્રગતિની જે તેજ રફતાર મેઘાણીને અપેક્ષિત છે તેનું ગતિમંત ચિત્ર વાચક સમક્ષ મૂર્તિમંત થઇ રહે છે. પરિવર્તન, પ્રગતિ, સ્વાતંત્ર્ય, રાષ્ટ્રભક્તિ, ફનાગીરી, જોમજુસ્સો ઇ. વિષયક ભાવો ગુજરાતી કવિતામાં મેઘાણીમાં પામ્યા છે એવી ઓજસ-યુકત, સબળ અને મેઘાણીનો જ એક શબ્દ પ્રયોજીને કહીએ તો 'ધીંગી' અભિવ્યકિત અન્યત્ર ભાગ્યે જ પામ્યા હશે.

૧૯૩૦ના સંગ્રામ વખતે રચાયેલા "મોતનાં કંકૂઘોળણ"માં મર્દાનગીભર્યા મોત માટેનું આકર્ષણ વરતાય છે:

"કંકૂ ઘોળજો જી કે કેસર રોળજો!
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો!

"...જોધ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા." :"એકતારો", પૃ. ૪૬:

પરંતુ આ યુધ્ધ અન્યને મારવા માટેનું નથી, પરંતુ શીશ સમર્પવા માટેનું છે, એમ કહીને ગાંધીજીના નેતૃત્વ નીચે લડાતા આઝાદીના સંગ્રામની એક વિશેષતા કવિએ દર્શાવી છે. મેઘાણીનું "છેલ્લી પ્રાર્થના" કાવ્ય વીર તથા કરૂણની આદર્શ સંલગ્નતાનું એક સરસ ઉદાહરણ છે. કાવ્યનો આરંભ શોક-સંવેદનયુકત છે:

"હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ," :"યુગવંદના" પૃ. ૧૮:

પરંતુ શોકના ભાવને સંયમિત કરી કવિ પોતાના અસલ લડાયક મિજાજ ઉપર આવી જઇને વીરની નિષ્પત્તિ કરે છે:

"નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે - માતની હાકલ પડી છે." :એજ પૃ. ૧૮:

મેઘાણીની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા પહેલી નજરે કોઇને એકવિધ કદાચ લાગે. યુધ્ધની ઘોષણાઓ અને શૌર્યનાં ઉદ્બોધનો એમાં મુખ્યત્વે થયેલાં છે. પરંતુ શ્રી વિજયરાય કહે છે એમ, "શરણાઇના એકધારા સૂરમાં પણ અમુક કક્ષાનું વૈવિધ્ય કુશળ વગાડનાર આણે છે, તેમ મેઘાણીના "સિંધુડા"+ના એકવિધ સંગ્રામસૂરોમાં પણ ભાવના, વસ્તુ અને રાગનું ઓછુંવત્તું વૈવિધ્ય છે."[૧૧] શૌર્યોત્સાહ તથા સાહસપ્રિયતામાં રાચતા તરુણોના મનોરાજ્યને જ મેઘાણીએ કેટલી વિવિધ રીતે ગાયેલ છે! એનું એક ઉદાહરણ :

"ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ." :"યુગવંદના" પૃ. ૩૨:

મેઘાણીએ ભારતનું ગૌરવગાન જ કર્યું છે એમ નથી, દેશની નિર્બળતાઓને પણ કવિએ છતી કરી છે. મેઘાણીની ઉત્તરકાળની કવિતામાં આરંભમાં

---

+ "સિંધુડો"-"યુધ્ધસૂચક અને શૌર્યપ્રેરક" એક સૂર: "સિંધુડો" શબ્દ ૧૯મી સદીના કવિ ભવાનીશંકરે "મરદ કોણ?" કાવ્યમાં પ્રયોજ્યો છે:

"શબ્દ સિંધુડાના સાંભળીને, ડોલરિયો થઇ ડોલે,
શસ્ત્રેલ સબળ શત્રુને શસ્ત્ર વડેથી, ચાંચડની સમ ચોળે.""કાવ્યસુધાકર" ભા. ૧, ૧૮૮૮:

દેખાતો "બંડનો, ઉથલપાથલ કે... ધ્વંસવૃત્તિનો" ભાવ ગળાતોચળાતો જાય છે, અને વિદ્રોહને સ્થાને "આર્દ્ર સમજાવટનો ભાવ" અંકિત થતો જાયછે:

"વૈશાખી દાવાનલ! આવો, દિલદાર!

યોગમ હુતાશન ચેતાવો, દિલદાર!" :યુગવંદના,"પૃ. ૭૩:

આવું ગાનાર કવિ "એકતારો"માં ઉગ્ર દઝાડનાર વાણી-વિચારને સ્થાને "વિશ્વના પરમ કલ્યાણકર તત્ત્વની અંતિમ મંગલતા તરફ" ઢળે છે.(જુઓ "એકતારો", પૃ. ૧૭:) "ફાટશે અગ્નિથંભો" કાવ્યમાં "પ્રજાતન્ત્વનો ધગેલો થંભ" ફાટે તો છે, પણ "સંહારતત્ત્વની બિભીષિકા તેટલે જ અટકે છે." કવિ ગાય છે:

"ને ત્યાંથી કોણ નરસિંહ? ના,ના,કોક નવે રૂપે,

અપાપી-પાપીની સૌની ઊઠશે અંબિકા રૂપે.":એકતારો"પૃ. ૫૧:

કવનના ઉત્તરકાળમાં મેઘાણી વિદ્રોહના કરાલ સૂરને બદલે આર્દ્ર સમજાવટનો કોમલ સૂર ઉચ્ચારતા હોય તે ભલે, પરંતુ મેઘાણીનું કવિ તરીકેનું ઉત્તમ સત્ત્વ તો એમનો લડાયક મિજાજ વ્યક્ત કરતી તથા ધ્વંસવૃત્તિના ભાવવાળી કવિતામાં જ પ્રગટ થયું છે.

મેઘાણી વિશે શ્રી મનસુખલાલ ઝવેરીએ સમુચિત રીતે જ નોંધ્યું છે: "...આપણી કવિતાને સામાન્ય જનહૃદયમાં રમતી મૂકનાર,સજીવન કરેલા પ્રાચીન ઢાળોમાં યુગનાં શૌર્ય અને સમર્પણ, કારુણ્ય અને માનવતાના ભાવો ગાનાર મેઘાણી આપણા રાષ્ટ્રીય શાયર અવશ્ય છે."

---

## સંદર્ભ તથા પાદનોંધ


૧. "સાહિત્યદર્શન", પૃ. ૧૨૭, વિ. ક. વૈદ્ય

૨. "રાજા રામમોહનરાયથી ગાંધીજી" પૃ. ૩૭, મગનભાઇ દેસાઇ

3. એ જ, પૃ. ૧૭૫, "ભલે મોટો...છતાં એક અંશ" એ શબ્દો મૂળ તો કાયદે આઝમ ઝીણાના કાર્યની મૂલવણી કરતી વેળાએ શ્રી. મગનભાઇએ પ્રયોજ્યા છે.

૪. "અર્વાચીન કવિતા" પૃ. ૪૫૭-૪૫૮: સુન્દરમ્

૫. પ્રસ્તુત વિચાર ટી. એસ. એલિયટે આ રીતે રજૂ કર્યો હતો: "I will take it as agreed that people find the most conscious expression of their deepest feelings in the poetry of their own language..." - On poetry and Poets," p.20.

૬. સ્નેહરશ્મિ પ્રામાણિકતાપૂર્વક મુસલમાનોને "મારાં દશ કોટિ ભાઇબહેન" ગણે છે. અહીં ભાવની સચ્ચાઇનો પ્રશ્ન જ નથી, પરંતુ મુગ્ધ ભાવનાવાદથી કે હિંદુ-મુસ્લીમ એકતા માટે હૃદયપરિવર્તનો કરી દેવાની લાગણીશીલતાભરી લગનથી ઇતિહાસ અથવા રાજકારણનાં તથ્યો બદલી શકાતાં નથી, તે અહીં ચર્ચાનો પ્રસ્તુત મુદ્દો છે. આનો અર્થ હિંદુ-મુસ્લીમોએ પરસ્પર તિરસ્કારભાવ દાખવવો જોઇએ કે ગાંધીજી જેવા મહાત્માએ વિભિન્ન જાતિઓ વચ્ચે ભાઇ-ભાઇનું ઐક્ય સ્થાપવાના ભવ્ય પ્રયત્નો ન જ કરવા જોઇએ એવો થતો નથી. હિંદુ-મુસ્લીમ સંબંધની ભૂમિકા વિશેની એક હકીકતના કથન તરીકે જ માત્ર ઉપર્યુક્ત રજૂઆત કરેલી છે.

૭. "આધુનિક કવિતાપ્રવાહ", પૃ. ૮૩, ડો. જયન્ત પાઠક

૮. "નવી કવિતા" :૧૯૫૨: નામે શ્રી. મનસુખલાલ ઝવેરી તથા શ્રી. રમણ વકીલે તૈયાર કરેલા સંપાદનમાંથી, પૃ. ૨૨

૯. "અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો" પૃ. ૧૬૨, રા. વિ. પાઠક

૧૦. "જૂઇ અને કેતકી", પૃ. ૨૪૮, વિ. ક. વૈદ્ય

૧૧. "થોડાં વિવેચનલેખો", પૃ. ૨૮૨, મનસુખલાલ ઝવેરી.